આકાશવાણી, અમદાવાદ

14-11-2026 Midday: 2.30 to 2.35 PM

Saturday Regional News

## PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી આજે બપોર બાદ ગુજરાતની મુલાકાત લઈને દિલ્હી જવા રવાના થઈ ગયા છે.. દિલ્હી રવાના થતાં અગાઉ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એરપોર્ટ પર ભાજપના જૂના નેતાઓ સાથે મુલાકાત કરી હતી.. આ મુલાકાત બાદ તેઓ દિલ્હી જવાના રવાના થયા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલે સાંજે ગાંધીનગર પહોંચ્યા હતા, જ્યાં તેમણે રાત્રિ રોકાણ કર્યું.

. . . . . .

## JANJATIYA GAURAV SAPTAH OVERALL

ધરતીઆબા ભગવાન બિરસા મુંડાની 151-મી જન્મજયંતી નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. તે અંતર્ગત રાજ્યભરમાં આજે સવારે પ્રતિમા સ્વચ્છતા અભિયાન, પૂજા અને સાધુ-સંતોનું સન્માન કરાયું.

છોટાઉદેપુર જિલ્લામાં આજે મહાપુરુષોની પ્રતિમાઓને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. આ અંગે જેતપુર પાવીના ધારાસભ્ય જયંતી રાઠવાએ વધુ માહિતી આપી.

જ્યારે સુરતમાં અનાવલ અને માંડવી ખાતે જનજાતીય ગૌરવ દિવસ પખવાડિયા અંતર્ગત સ્વચ્છતા અભિયાન યોજાયું. દરમિયાન ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી.

તાપીમાં વાલોડના બુહારી ખાતે ધારાસભ્ય મોહન ઢોડિયા અને વ્યારા ખાતે ધારાસભ્ય મોહન કોંકણીની અધ્યક્ષતામાં સ્વચ્છતા અભિયાન યોજાયું. ઉપરાંત રમતગમત રાજ્યમંત્રી ડૉ. જયરામ ગામિત ઉચ્છલ ખાતે સ્વચ્છતા અભિયાનમાં જોડાયા. તો ડાંગમાં મહાપુરુષોની પ્રતિમાની સાફસફાઈ કર્યા બાદ પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી.

જ્યારે દાહોદમાં સાંસદ જસવંતસિંહ ભાભોરે લીમખેડા ખાતે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાની સાફ-સફાઈ કરી હતી. આ પ્રસંગે ભગવાન બિરસા મુંડાના જીવન, સંઘર્ષ અને આદિવાસી સમાજના હિત માટે તેમના અમૂલ્ય યોગદાનને યાદ કરાયું.

. . . . . .

## LABH PANCHAM OVERALL

લાભપાંચમ નિમિત્તે આજે વેપારીઓ અને ઉદ્યોગપતિઓએ ધંધા-વ્યવસાયનો પુનઃપ્રારંભ કર્યો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ જ્ઞાન, કર્મ અને સૌભાગ્યના પાવન પર્વ લાભ પાંચમની સૌને શુભકામનાઓ પાઠવી. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે લખ્યું, ગુજરાતમાં નૂતન વર્ષમાં અનેક વેપારી ભાઈઓ અને બહેનો આજથી ધંધા-વ્યવસાયનો પુનઃપ્રારંભ કરી રહ્યાં છે. ત્યારે સત્ય, વિવેક, સંકલ્પ અને પુરુષાર્થના પાયા પર આરંભાયેલું દરેક કાર્ય સફળતાના નૂતન શિખરો સર કરે તેવી પ્રાર્થના.
દરમિયાન શક્તિપીઠ અંબાજી, યાત્રાધામ પાવાગઢ, શામળાજી સહિતના ધાર્મિક સ્થળો પર ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે. બોટાદમાં સાળંગપુર શ્રી કષ્ટભંજન દેવ હનુમાન મંદિરમાં સવારથી ભક્તોની ભીડ જોવા મળી રહી છે.

. . . . . .

## BK DEESA ACCIDENT

બનાસકાંઠામાં સરહદ સુરક્ષા દળ – BSFના વાહન, ટ્રેક્ટર અને ટ્રેલર વચ્ચે થયેલા અકસ્માતમાં સેનાના ચાર જવાન ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. મળતી માહિતી મુજબ, ડીસામાં બનાસ નદીના પૂલ પર આ દુર્ઘટના સર્જાઈ હતી. ઈજાગ્રસ્ત સેનાના જવાનોને ડીસા સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરાયા છે.

. . . . . .

## U19 CRICKET FINAL MATCH UPDATE

19 વર્ષથી ઓછા વયજૂથના એશિયા ક્રિકેટ કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ફાઈનલ મુકાબલો ચાલી રહ્યો છે. ઓમાનમાં રમાતી મેચમાં ટૉસ જીતીને પહેલી બેટિંગ કરનારી પાકિસ્તાનની ટીમે નિર્ધારિત 50 ઑવરમાં 9 વિકેટ ગુમાવી 337 રન કર્યા. ટીમ તરફથી સૌથી વધુ 107 રન ઑપનર બેટ્સમેન ઉસ્માન ખાને બનાવ્યા. જ્યારે અબ્દુલ કાદિરે 80 અને સુકાની ફરહાન યુસુફે 63 રન કર્યા છે.
ભારત તરફથી કાવ્ય પટેલે સૌથી વધુ ચાર, ચિગુરુપતિ વેંકટે ત્રણ અને અર્જુન રાજપૂતે એક વિકેટ લીધી છે.

. . . . . .

## U19 CRICKET MRB PLAYER

ઓમાનમાં એશિયા ક્રિકેટ કપમાં પાકિસ્તાન સામેના મુકાબલામાં ભારતની ટીમમાં મોરબીના ખેલાડી આર્યન સાવસાણી પણ રમી રહ્યા છે. ટીમમાં તેમની પસંદગી થવા અંગે આર્યન સાવસાણીના પિતા દિનેશ સાવસાણીએ આનંદ વ્યક્ત કર્યો.

. . . . . .

## KACHCHH RANN UTSAV

કચ્છના સફેદ રણમાં આયોજિત વિશ્વવિખ્યાત રણોત્સવમાં દેશવિદેશથી આવેલા પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. સોશિયલ મીડિયા પર જોયેલું સફેદ રણ નજરે નિહાળીને પ્રવાસીઓ આશ્ચર્યચકિત થઈ ગયા છે. સાથે જ પ્રવાસીઓ ટેન્ટ સિટીમાં રહેવા, કચ્છી ભોજન, સાંસ્કૃતિક કાર્યક્રમ અને મનોરંજક પ્રવૃત્તિઓનો આનંદ માણી રહ્યા છે.

. . . . . .